જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૮/૨૦૧૭ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૬૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૬૧ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૩૯૧ લીટર દેશી દારૂ, ૧૩૪૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર, ૦૧ કાર અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૮ કેસ કરી ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૬૩,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૬૨૦/૧૭

**વાડજ :** કારતીકભાઇ નવનીતલાલ સોની (ઉ.વ.૨૫)(રહે.યોગેશ્વર ફ્લેટ, એલીસબ્રીજ) એ તા.૧૦/૦૮/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૭/૨૦૧૭ રાતનાં ૯/૦૦ વાગ્યાનાં સુમારે આરોપી રાકેશ કૈલાસ સ્વામી (રહે,શ્રીનાથ એપાર્ટમેન્ટ, વ્યાસવાડી, વાડજ) એ કારતીકભાઇને વિશ્વાસમાં લઇ, સોનાનું ઘડતર કામ કરવાનું કહી, કારતીકભાઇ પાસેથી સોનાનો સેટ ૧૨૯.૫૦૦ મીલી ગ્રામ વજનનો કિંમત રૂપીયા ૩,૪૩,૯૭૫/- મેળવી લઇ નાસી જઇ, કારતીકભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૬૨૧/૧૭

**નિકોલ :** મુકેશભાઇ શંકરભાઇ પંચાલ(રહે,પરમેશ્વર હોમ્સ સંકલ્પ સ્કુલ પાસે નિકોલ) એ તા.૧૦/૮/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૦૮/૨૦૧૭ બપોરના ૧/૦૦ થી તા.૦૯/૦૮/૨૦૧૭ સાંજના ૭/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘરના મુખ્ય દરવાજાની જાળીનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમાં રાખેલ તીજોરીમાંથી રોકડા રૂપીયા ૧૦,૦૦૦/- તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૨,૬૯,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી એન.એન.પારગી ચલાવે છે.

**વટવા :** વસંત શંકરલાલ જાડોટીયા(રહે,રેલ્વે કોલોની વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૮/૨૦૧૭ ના કલાક ૧૨/૦૦ થી સાંજના ૫/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં મકાનનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના તથા એલ.ઇ.ડી. ટી.વી. તથા કપડા મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જી.વસાવા ચલાવે છે.

**વાડજ :** આનંદભાઇ યુગેશભાઇ ત્રીવેદી (રહે,પરીતોષ બંગલોઝ "ડી" માર્ટ સેટેલાઇટ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૮/૨૦૧૭ સાંજના ૭/૩૦ થી તા.૧૦/૦૮/૨૦૧૭ સાંજના ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન વાડજ અંજના કોમર્શીયલ બિલ્ડીંગમાં આવેલ પોતાની ઓફીસમાં કોઇ અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, લેપટોપ કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૯,૦૦૦/- ની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી જી.એન.સુથાર ચલાવે છે.

<u>ચૌદમા માળેથી પડી જતાં મૃત્યુ:-</u> <u>સમાચાર યાદી નં.૧૬૨૨/૧૭</u>

**ગુજરાત યુનિવર્સીટી :** વસ્તાજી રાયભણજી વાઘેલા(ઠાકોર) (ઉ.વ.૫૦)(રહે,બુધ્ધા સ્કુલની પાછળ, ખેતરના છપરામા, જોધપુર ગામ, સેટેલાઇટ) તા.૧૦/૦૮/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાનાં સુમારે વિજય ચાર રસ્તા થી કોમર્સ વચ્ચે આવેલ ફીનીક્સ બિલ્ડીંગ ખાતે સાઇટ ઉપર પાલકનું કામ-કાજ કરતાં હતા દરમ્યાન ચૌદમા માળે સાઇટ્નુ કામ કરતા-કરતાં સેફ્ટી બેલ્ટ સાથે અચાનક નીચે પડી જતાં, માથામાં તેમજ શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.

<u>આત્મહત્યા :-</u> <u>સમાચાર યાદી નં.૧૬૨૩/૧૭</u>

**શાહીબાગ :** કિંજલબેન રાજેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૧૯)(રહે,શાંતીપુરા મનુભાઇની ચાલી ગીરધરનગર શાહીબાગ) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૦/૦૮/૧૭ ના કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.